# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-08-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

- આજે દિવસ દરમિયાન ભાણવડ અને ખંભાળિયામાં સાંબેલાધાર વરસાદ - 231 તાલુકાઓમાં વરસાદ ખાબક્યો
- મુખ્યમંત્રીએ પૂરગ્રસ્ત વિસ્તારોની ગાંધીનગરમાં ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજી - વડોદરામાં બચાવ અને રાહત કામગીરી માટે સૈન્યની ત્રણ ટુકડી તૈનાત
- વડોદરાના ઇટોલા બ્રિજ ઉપર પાણી ભરાવવાના કારણે 48 જેટલી ટ્રેન રદ - બસોના એક હજારથી વધુ રૂટ અને ચાર હજાર કરતાં વધુ ટ્રીપ રદ
- રાજ્યના કરાર આધારિત તજજ્ઞ તબીબોના વેતનમાં વધારો કરવાનો રાજ્ય સરકારનો નિર્ણય..
- રાજ્યના 8 જિલ્લામાં 24 નવા FM રેડિયો સ્ટેશન શરૂ કરવાની કેન્દ્રીય કેબિનેટની મંજુરી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## RAIN OVER ALL

રાજયમાં સવારના છ વાગ્યાથી લઇને સાંજના છ વાગ્યા સુધીના 12 કલાક દરમિયાન 231 તાલુકામાં વરસાદ નોંધાયો છે, જેમાં ભાણવડમાં સાડા સાત ઇંચ અને ખંભાળિયામાં 7 ઇંચ કરતાં વધુ વરસાદ નોંધાયો છે.

નર્મદા ડેમાં 85 ટકા કરતાં વધુ જળસંગ્રહ છે રાજ્યના 118 ડેમ હાઇએલર્ટ પર છે.. રાજ્યમાં અત્યાર સુધીમાં 28 હજાર 495 લોકોનું સ્થાળાતંર કરાયું છે.. અત્યાર સુધીમાં 1 હજાર 856 લોકોને ઉગારવામાં આવ્યાં છે . વરસાદને કારણે નવ લોકોના મૃત્યુ થયા છે..

હવામાન વિભાગે આજે કચ્છ, સૌરાષ્ટ્, દક્ષિણ ગુજરાતમાં રેડ એલર્ટ જ્યારે મધ્ય ગુજરાતમાં ઓરેંન્જ એલર્ટ અને ઉત્તર ગુજરાતમાં યલો એલર્ટ જાહેર કર્યું છે..

જ્યારે આવતીકાલે કચ્છ અને સૌરાષ્ટ્રમાં રેડ એલર્ટ, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં યલો એલર્ટ જાહેર કર્યું  હોવાનું હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું હતું.

(BYTE- રામાશ્રય યાદવ, હવામાન વૈજ્ઞાનિક)

---------------------------------------------------------------

## CM – SECO BETHAK

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં પડેલ ભારે વરસાદ અંગે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજી વરસાદની પરિસ્થતિનો તાગ મેળવી જરૂરી સહાય અને સૂચનો કર્યા હતા..

આ બેઠકમાં રાહત અને બચાવ કામગીરીની વિગતો આપવામાં આવી હતી, જેમાં પોરબંદર જિલ્લાના મોરાણા ગામે ગત રાત્રે એક સાથે ત્રણ સ્થળોએ બચાવ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જે અંતર્ગત **અતિ ભારે વરસાદની સ્થિતિમાં ૪૭૪ લોકોનું સ્થળાંતર કરાયું હતું.** ઇન્ડિયન નેવીના અથાગ પરિશ્રમના પરિણામે નાગરિકોનું સફળ રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું.

દેવભૂમિ દ્વારકાની ખંભાળિયામાં પાણીમાં ફસાયેલા ૫૦ જેટલા નાગરિકોને રાજ્ય વહીવટી તંત્ર અને ભારતીય સેનાના સંયુક્ત પ્રયાસોથી સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. સાથે જ જામરાવલ નગરપાલિકામાં પણ તંત્ર દ્વારા ૧૩ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા હતા.

દ્વારકાના દરિયામાં તકનીકી ખરાબીના કારણે માછીમારી બોટ બંધ થઇ જતા ૧૩ જેટલા માછીમારોને ઇન્ડિયન કોસ્ટ ગાર્ડ દ્વારા દિલધડક બચાવ કામગીરી કરાઇ હતી, અને તમામ માછીમારોને ઓખા બંદર સુધી સુરક્ષિત પહોંચાડ્યા હતા.

. . . . . . . . . . . . . . . .

## TRAIN

પશ્ચિમ રેલવેના વડોદરા વિભાગના ઇટોલા બ્રિજ ઉપર પાણી ભરાવાને કારણે કર્ણાવતી એક્સપ્રેસ તેમજ અમદાવાદ વડોદરા મેમુ સહિતની 48 ટ્રેનો રદ કરવામાં આવી છે. આ ઉપરાંત કેટલીક ટ્રેન આંશિક રદ કરવામાં આવી હોવાની માહિતી અમદાવાદ રેલ મંડળના પ્રવક્તા જીતેન્દ્ર કુમાર જૈને માહીતી આપી હતી.

(બાઇટ - જીતેન્દ્ર કુમાર જૈન )

-----

## MORBI-MACCHU DAM

મોરબીમાં ભારે વરસાદને કારણે મચ્છુ નદીમાં પૂર આવતાં માળિયામાં પાણી ફરી વળ્યું હતું, જેને લઇને માળિયા કચ્છ નેશનલ હાઈવે ૨૪ કલાક કરતા વધુ સમય સુધી બંધ રખાયો હતો. આજે હળવા વાહનોને પસાર કરવાનું શરુ કરવામાં આવ્યું હતું. જીલ્લા પ્રભારી મંત્રી પ્રફુલ પાનશેરીયા માળિયાની મુલાકાતે પહોંચ્યા હતા. માળિયા નજીક રેલ્વે ટ્રેકને ભારે નુકશાન સર્જાતા રેલ્વે ટ્રેક ધોવાઈ ગયો હતો.

આ અંગે અમારા મોરબી જિલ્લાના પ્રતિનિધિ રવિ મોટવાણી જણાવે છે કે....

(બાઇટ- રવિ મોટવાણી, પીટીસી-મોરબી)

-----

## VADODARA-R.PATEL-J.VISHVAKARMA

રાજ્યમંત્રી ઋષિકેશ પટેલ અને જગદીશ વિશ્વકર્મા વડોદરામાં પડી રહેલા ભારે વરસાદથી સર્જાયેલ પૂરની સ્થિતિનો તાગ મેળવવા વડોદરા પહોંચી તેમણે વહિવટી તંત્ર સાથે બેઠક કરી હતી.

મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું કે આજવા સરોવર અને દેવ ડેમમાંથી આવેલા પાણીને કારણે વડોદરામાં વિશ્વામિત્રી નદીમાં પૂર આવ્યું હતું અને શહેરના કેટલાંક વિસ્તારોમાં દસ ફૂટ જેટલું પાણી છે..જેને કારણે  રાહત અને બચાવ માટે આર્મીની વધુ ત્રણ કુમુક, એનડીઆરએફ ટીમોની મદદ લેવાઇ છે..

ફસાયેલા લોકો માટે એક લાખ ફૂડ પેકેટ અને પાણીની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. તંત્ર દ્વારા આજવા ડેમમાંથી પાણી છોડવાનું બંધ કરાયું હતું.

શ્રી પટેલે જણાવ્યું કે, વડોદરા શહેરમાં અત્યાર સુધીમાં છ હજારથી પણ વધુ લોકોને આશરો આપવામાં આવ્યો છે. ૧૨૦૦થી પણ વધુ લોકોને રેસ્ક્યુ કરવામાં આવ્યા છે.

વડોદરાના મ્યુનિસિપલ કમિશનર દિલીપ રાણાએ રાહત અને બચાવ કામગીરી અંગેની વિગતો આપી હતી...

## (બાઇટ- દિલીપ રાણા, વડોદરાના મ્યુનિસિપલ કમિશનર)

-----------------

## DAM NI STHITI

રાજ્યમાં ઉપરવાસમાં થયેલ ભારે વરસાદને કારણે મોટાભાગના ડેમ ઓવરફ્લો થયા છે. જે અંતર્ગત નર્મદા ડેમ હાલ ૧૩૪.૧૩ મીટર, કરજણ ડેમ ૧૦૮.૬૩ મીટરની આસપાસ છલકાયા છે.

ઉલ્લેખનીય છે કે, સરદાર સરોવર નર્મદા બંધના ઉપરવાસમાંથી ૨ લાખ ૧૦ હજાર ૬૨૩ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે.

તો બીજી તરફ અમદાવાદમાં સાબરમતી નદીમાં થઇ રહેલી 20 હજાર ક્યુસેક પાણીની આવકના પગલે વાસણા બેરેજના 16 દરવાજા ખોલવામાં આવ્યા છે.

------------------

## DOCTORS' SALARY RISE

રાજ્યના કરાર આધારિત તબીબોને આપવામાં આવતી ખાનગી પ્રેક્ટિસની છૂટ બંધ કરવાનો નિર્ણય કરાયો છે. ખાનગી પ્રેક્ટિસ વગર કરાર આધારિત સેવા આપતા તજજ્ઞ તબીબોના દર માસના વેતનમાં વધારો કરાયો છે.

પ્રતિ માસ વેતન વધારીને ૧ લાખ ૩૦ હજાર રૂપિયા આપવાનું સરકારી ઠરાવ દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. અંદાજીત ૩૭ ટકા જેટલો વધારો કરવામાં આવ્યો છે.

સર્જરી સાથે સંકળાયેલા તજજ્ઞ તબીબોને પ્રતિ માસ મળતા વેતન ઉપરાંત મેજર અને માઇનોર સર્જરી માટે ૩૦૦ થી ૨૦૦૦ રૂપિયા સુધીની રકમ પ્રતિ સર્જરીએ આપવામાં આવશે. કરાર આધારિત એનેસ્થેટીસ્ટ તબીબોને પ્રતિ સર્જરી પ્રોત્સાહક રકમના ૫૦ ટકા આપવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે.

-----------------------------

# CABINET FM RADIO

કેન્દ્રીય મંત્રીમંડળે દેશભરના 234 નવા શહેરમાં 730 ખાનગી FM ચેનલની ઇ-હરાજી કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. રાજ્યના અમરેલી, ભુજ, બોટાદ, દાહોદ, ગાંધીધામ, જેતપુર નવાગઢ, પાટણ અને સુરેન્દ્રનગર દુધરેજમાં ત્રણ-ત્રણ ખાનગી એફએમ રેડિયોની સ્થાપના થશે.

આ નિર્ણયથી સ્થાનિક લોકોને માતૃભાષામાં થતાં સ્થાનિક પ્રસારણથી પ્રોત્સાહન મળશે. તેમ જ રોજગારની નવી તકનું સર્જન થશે. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું, મંત્રીમંડળના નિર્ણયથી બીજી અને ત્રીજી શ્રેણીના શહેરોમાં FM રેડિયો પહોંચી શકશે. તેમણે કહ્યું, જેનાથી સ્થાનિક પ્રતિભાઓ પર વિશેષ ધ્યાન અપાશે.

મંત્રીમંડળે કેન્દ્રીય ક્ષેત્રની યોજના જેવી કે કૃષિ આંતરમાળખા ભંડોળના વિસ્તરણને પણ મંજૂરી આપી છે. જેનાથી દેશમાં કૃષિ ક્ષેત્ર સાથે સંકળાયેલી પાયાની સુવિધાઓ મજબૂત બનશે અને ખેડૂતોને લાભ થશે. આ ભંડોળ ખેડૂતોને નાણાકીય સહાય પૂરી પાડવા માટે એક લાખ કરોડ રૂપિયાની રકમની સાથે વર્ષ 2020માં બનાવવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . . . . .

# RAIN NUKSHAN -1

રાજ્યમાં છેલ્લા ત્રણ દિવસથી થઇ રહેલા ભારે વરસાદના પગલે વ્યાપક નુકસાન થઇ રહ્યું છે. જેમાં રોડરસ્તા, મકાનો અને ખેતી પાકોને મોટાપાયે નુકસાન થઇ રહ્યું છે..જેમાં

અરવલ્લીના સરડોઇ ગામે ત્રણ માળની રહેણાંક ઇમારત ધરાશાયી થઈ હતી.. વરસાદી ભેજના કારણે મકાનની દીવાલ અને ધાબુ ધરાશાઇ થતા એક મહિલા ઇજાગ્રસ્ત બની હતી..

ભાવનગરમાં વરસાદ અને ભારે પવન વચ્ચે મહાદેવ ગાળામાં બે મહાકાય વૃક્ષ ધરાશાયી થયા હતા. વિશાળ વૃક્ષો ધરાશાઇ થતાં શેડને નુકસાન થયું હતું તેમજ આ વૃક્ષો નીચે રહેતા વિદેશી બગલાઓના પણ મોત થયા છે.. સંભવિત ભારે વરસાદની આગાહીના પગલે ભાવનગર જિલ્લા પ્રભારી મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાએ સિહોર તાલુકાના ભાણગઢ ગામની મુલાકાત લીધી હતી.

બીજી તરફ નર્મદા જીલ્લાના અંતરિયાળ ગામોમાં પણ વરસાદી પાણી ભરાઇ જવાને કારણે સગર્ભા મહિલાઓને ભારે મુશ્કેલી પડી હતી..પ્રસૂતિની શક્યતાના પગલે આરોગ્ય વિભાગે તાત્કાલિક પગલાં લઇને આઠ જેટલી મહિલાઓને નજીકના આરોગ્ય કેન્દ્રમાં પહોંચાડી હતી.

રાજકોટ જિલ્લામાં વરસાદથી અસરગ્રસ્ત લોકો માટે ફૂડ પેકેટ બનાવવા માટે વહિવટી તંત્ર દ્વારા  સામાજિક સંસ્થાઓ, એન.જી.ઓ. સાથે બેઠક યોજી હતી. એમાં આશરે એક લાખ જેટલા ફૂડ પેકેટની આગોતરી તૈયારી રાખવાનું આયોજન કરાયું હતું.

જામનગરમાં સ્વૈચ્છિક અને સેવાભાવી સંસ્થાઓની તંત્ર સાથે બેઠક યોજાઇ હતી.

વરસાદગ્રસ્ત વિસ્તારોના લોકો માટે ફુડ પકેટે તૈયાર કરવાની કામગીરી કરવાની ચર્ચા કરવામાં આવી હતી અને શહેર અને જીલ્લાના અસરગ્રસ્ત લોકો

માટે પચાસ હજારથી વધુ ફેડ પેકેટ તૈયાર કરીને તેનું વિતરણ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું..

વલસાડમાં ભારે પવન ફુંકાતા એક ખાનગી હોસ્પિટલની બહાર અચાનક વીજ થાંભલો તૂટી પડ્યો હતો. જેમાં ૩ બાઈક દબાઈ ગયા હતા.

ગીર સોમનાથ જિલ્લામાં ભારે પવન ફૂંકાવાના કારણે અનેક સ્થળોએ વૃક્ષો જમીનદોસ્ત થયા હતા. જોકે, માર્ગ અને મકાન વિભાગે દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી દાખવતાં તમામ સ્થળો પર વાહન વ્યવહાર પૂર્વવત થયો હતો.

................

## SAMIKSHA BETHAK - DISTRICT

સુરેન્દ્રનગર જિલ્લામાં ભારે વરસાદની પરિસ્થિતિને ધ્યાને લઈ કૃષિમંત્રી રાઘવજી પટેલે ભારે વરસાદનાં પગલે સર્જાયેલ સ્થિતિ અને રાહત બચાવ કામગીરીની સમીક્ષા કરી હતી.. કલેક્ટર કચેરી ખાતે સમીક્ષા બેઠક બાદ મંત્રી રાઘવજી પટેલે પત્રકારોને જણાવ્યું હતું કે, વરસાદના કારણે સુરેન્દ્રનગર જિલ્લામાં ૨ માનવ મૃત્યુ અને આકાશી વીજળી પડવાના લીધે ૧૩ પશુઓના મૃત્યુ થયા છે. સાવચેતીના ભાગરૂપે જિલ્લામાં કુલ ૮૬ રસ્તાઓ બંધ કરવામાં આવ્યા છે. જિલ્લામાં ૩૮૦ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ રાઘવજી પટેલે રાજકોટ કલેક્ટર કચેરી ખાતે પહોંચ્યા હતા અને જિલ્લામાં ડિઝાસ્ટર તંત્રએ કરેલી કામગીરી સંદર્ભે સમીક્ષા બેઠક યોજી હતી. તેમણે જણાવ્યું હતું કે, ડિઝાસ્ટર તંત્રની આગોતરી તૈયારીના કારણે બે દિવસના ભારે વરસાદ છતાં લગભગ નહિવત નુકસાની થઈ છે. જેના કારણે તંત્રના અધિકારીઓ તેમજ

આપદા વચ્ચે લોકોને ભોજન પહોંચાડનારી સમાજસેવી સંસ્થાઓ અભિનંદનને પાત્ર છે.

બીજી તરફ ડાંગ જિલ્લાના પ્રભારી મંત્રી કુંવરજી હળપતિએ, જિલ્લા વહીવટી તંત્રના ટોચના અધિકારીઓ સાથે અગત્યની બેઠક યોજી, જનજીવનને થયેલી અસરોની જાણકારી મેળવી હતી. જિલ્લામાં નોંધાયેલા માનવ મૃત્યુ, પશુ મૃત્યુ, ઈજા, સહાયની ચુકવણીની કાર્યવાહી, કાચા/પાકા મકાનોને થયેલું નુકશાન, ખેતીવાડી, વીજ કંપની, માર્ગ અને પુલો વિગેરે ક્ષેત્રે થયેલા નુકશાનીની વિગતો મેળવી જનજીવન સામાન્ય કરવા માટે તમામ પ્રયાસો કરવા અધિકારીઓને સૂચના આપી હતી.

આ ઉપરાંત પંચમહાલ, મહિસાગર, દાહોદ સહિતના જીલ્લાઓમાં પણ પ્રભારી મંત્રીઓએ બેઠક કરીને વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોની રાહત અને બચાવ કામગીરીની સમીક્ષાકરી હતી તેમજ તંત્રને જરૂરી સૂચના આપી હતી.

અરવલ્લી જિલ્લાની પરિસ્થિતિની સમીક્ષા કરતા પ્રભારી મંત્રી બચુભાઈ ખાબડે જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ સાથે અગત્યની સમીક્ષા બેઠક યોજી હતી.

છોટાઉદેપુર જિલ્લામાં ભારે વરસાદના પગલે જિલ્લાના અધિકારીઓ સાથે પ્રભારી મંત્રી ભીખુસિંહજી પરમારે સમીક્ષા બેઠક યોજી હતી.

-----------------------

## VALSAD- KUDO TOURNAMENT

વલસાડની 8 વર્ષીય જૈવી ભાનુશાલીએ સુરતમાં યોજાયેલી "12th ઓપન ગુજરાત રાજ્ય કુડો ટુર્નામેન્ટ"માં 2 સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કર્યા છે.

ત્રીજા ધોરણમાં ભણતી જૈવીને નાનપણથી જ કુડો સ્પર્ધામાં ઉંડો રસ હતો. 25 મી ઓગસ્ટે સુરતના ઇન્ડોર સ્ટેડિયમ ખાતે રમાયેલી આ સ્પર્ધામાં તેણે ભાગ લીધો હતો. જેમાં તે વિજેતા થઇ હતી.

----------------

## GOVERNOR MEET – મેજર બગ્ગા

ગોલ્ડન કટાર ડિવિઝનના જનરલ ઑફિસર કમાન્ડિંગ મેજર ગૌરવ બગ્ગાએ આજે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

મેજર બગ્ગાએ જણાવ્યું હતું કે, રાજ્યમાં અતિવૃષ્ટિની પરિસ્થિતિમાં ભારતીય ભૂમિ સેનાની સાત કોલમ બચાવ અને રાહત કાર્યમાં રાજ્યના વહીવટી તંત્રના સહયોગમાં તહેનાત છે.

----------------------